

# અબડાસા તાલુકાની પેટા ચુંટણી પ્રચાર પ્રસાર માટે લખપત તાલુકાની જવાબદારી સંભાળતા ગાંધીધામ ધારાસભ્ય શ્રીમતી માલતીબેન મહેશ્વરી

કમલમ દૈનિક,

અબડાસા તાલુકાની પેટા ચુંટણી પ્રચાર પ્રસાર માટે લખપત તાલુકાની જવાબદારી સંભાળતા ગાંધીધામ ધારાસભ્ય શ્રીમતી માલતીબેન મહેશ્વરી એ તા.૨૬.૧૦.૨૦૨૦ ના રોજ ઝંઝાવાતી ચુંટણી પ્રચાર નો આરંભ, નખત્રાણામાં સરદાર વલ્લભભાઇ પટેલ ને ભારત રત્ન શ્રી ડૉ.ભીમરાવ આંબેડકર સાહેબ ની પ્રતિમાને હારારોપણ કરીને શરૂઆત કરી હતી. આ પ્રવાસ દરમ્યાન પ્રચાર માટે પધારેલ પૂર્વ અધ્યક્ષ તથા પૂર્વ મંત્રીશ્રી રમણભાઈ વોરા નું સ્વાગત ધારાસભ્ય તથા સાંસદશ્રી એ કર્યું હતું. તેમની સાથે આ પ્રવાસ દરમ્યાન મંત્રી શ્રી વાસણભાઇ આહીર, શ્રી રમણભાઈ વોરા, સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા, અનુસુચિત જાતિ વિકાસ નિગમના પૂર્વ ચેરમેનશ્રી પ્રવીણભાઈ પંડયા માંડવી તાલુકાનાં ન્યાય સમિતિ ના ચેમેનર શ્રી કેશવજીભાઈ રોશીયા, ગાંધીધામ નગરપાલિકા ના નગરસેવિકા શ્રીમતી સીતાબેન રાઓ તથા પક્ષનાં તથા અનુસુચિત જાતિ મોરચાના હોદેદારો, કાર્યકરો વગેરે બહોળી સંખ્યામાં જોડાયા હતા. આ પ્રવાસ દરમ્યાન ભાજપનાં ઉમેદવાર શ્રી પ્રધ્યુમનસિંહ જાડેજા ને જંગી બહુમતી થી વિજયી બનાવવા અનુરોધ કરવામાં આવેલ. શ્રી જાડેજા એક નાના માં નાન માણસ સાથે પણ સહજ રીતે હળી મળી જાય તેવા વ્યક્તિ છે અને ભાજપમાં જોડાયા પાછળનું કારણ તેઓશ્રી લોકોની સેવા વધારે સારી રીતે કરી શકશે તેમ તેઓ શ્રી પ્રધ્યુમનસિંહ જાડેજા નું માનવું છે તેમ જણાવવામાં આવ્યું હતું તેઓશ્રી નાના તથા અદના કાર્યકરને પણ ખુબજ સહજતાથી મળે છે તથા તેમના કાર્યો કરે છે માટે તેમને મત આપી વિજયી બનાવવા આગ્રહ કરવામાં આવ્યો હતો. આ ચુંટણી પ્રવાસ દરમ્યાન અબડાસા વિધાનસભાના કોટડા, દેશલપર, ઉગેડી તથા આસપાસનાં વિસ્તારોને આવરી લેવામાં આવ્યા હતા તથા મતદાનનાં દિવસે ભાજપ ની તરફેણમાં મતદાન કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.



## જાયન્ટ્સ મોડાસા ના ગરીબ પરિવારોને એન.એફ.એસ કાર્ડ કઢાવી આપ્યા

કમલમ દૈનિક, અરવલ્લી

જાયન્ટ્સ મોડાસા દ્વારા સરકારશ્રી ની યોજનાઓનો આપવામાં આવતો લાભ લાભાર્થીઓને પહોંચે તે હેતુસર ★વંચિતોને વહારે★ કાર્યક્રમ દ્વારા ખરેખર જરૂરીયાત મંદને તહેવારોમાં સરકાર દ્વારા મળતો અનાજનો જથ્થો પહોંચે તેવા લાભાર્થીઓને જાયન્ટ્સ મોડાસા દ્વારા એ.પી.એલ. કાર્ડ વાળા ખરેખર ગરીબી રેખા નીચે આવતા પરિવારને એન.એફ. એસ.કાર્ડ બનાવી આપી આજે તેમને સુપ્રત કરવામાં આવ્યા હતા આ પ્રસંગે જાયન્ટ્સ પિપલ્સ ફાઉન્ડેશ ના સુરેન્દ્રસિંહ રાઠોડ (ઉપપ્રમુખ જાયન્ટ્સ પિપલ્સ ફાઉન્ડેશન ઝોન -૧) જાયન્ટ્સ મોડાસાના પ્રમુખ નરેન્દ્રભાઈ પટેલ જાયન્ટ્સ આમિત કવિ, દક્ષેશ પટેલ , ભગિરથ કુમાવત (ડાયરેક્ટર મિડિયા સેલ) અને ગરીબ પરિવારોને એન.એફ.એસ. કાર્ડ બનાવવા સક્રિય જહેમત ઉઠાવી છે તેવા રમણભાઈ પ્રજાપતિ અને સર્વે ૨૦ લાભાર્થીઓ હાજર રહ્યા હતા આ તહેવારમાં દિવા તો પ્રગટે પણ જરૂરીયાત મંદના ઘરે ચુલા પ્રગટે તેવા હેતુ થી આ તહેવાર પહેલાં તેમને એન.એફ. એસ.બનાવી સુપ્રત કરવામાં આવ્યા હતા

### દેશ ચર્ચિત હાથરસ દુષ્કર્મ કેસ...

## સીબીઆઈ તપાસ પર હાઈકોર્ટ કરશે નિગરાની... સુપ્રીમ કોર્ટ






અહેવાલ
ભુજ કચ્છ
હસુ ઠક્કર

કમલમ દૈનિક,

સમગ્ર દેશમાં બહુ ચર્ચિત કથિત ઉત્તરપ્રદેશ ના હાથરસ દુષ્કર્મ કેસમાં સુપ્રીમ કોર્ટે આજરોજ મહત્વ ની છણાવટ સાથે ચુકાદો આપ્યો છે . સુપ્રીમ કોર્ટે હાલ હાથરસ કેસમાં હસ્તક્ષેપ કરવાનો ઈકાર કરતા કહ્યું કે કેસમાં થઈ રહેલી સીબીઆઈ તપાસ ચાલુ રહેશે અને તપાસ અંગે ની નિગરાણી અલાહાબાદ હાઈકોર્ટ કરશે તેવા દિશા નિર્દેશ સાથે વધુ મા જણાવ્યું હતું કે કોર્ટે CBI તપાસ બાદ ટ્રાન્સફર કરવાની પરિજનો ની અપીલ પર જણાવેલ છે કે હાલ ઝૈ તપાસ ચાલુ છે . તપાસ પૂરી થયા બાદ આ મામલે કોર્ટ કોઈ નિર્ણય આપશે . આ અગાઉ ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા એસ એ બોબડે , જસ્ટિસ એ એસ બોપન્ના અને જસ્ટિસ વી રામાસુ બ્રમણયનની પેનલે એક જનહિત અરજી અને કાર્યકરોની સાથે સાથે વકીલો તરફથી દાખલ કરાયેલી અન્ય હસ્તસેપ કરતી અરજીઓ પર તા.૧૫ મી ઓક્ટોબર સુધી પોતાનો નિર્ણય અનામત રાખેલ છે અરજીઓ ના અનુસંધાને દલીલો કરવામાં આવી હતી કે ઉત્તરપ્રદેશ મા નિષ્પક્ષ સુનાવણી શક્ય નથી કારણ કે કારણ કે કતિથ રીતે તપાસ બાધિત કરાઈ હતી જયાં સુધી હાથરસ કેસ ની વતા છે ત્યાં સુધી એક અનુસૂચિત યુવતી સાથે કથિત દુષ્કર્મ થયું હતું આ યુવતી નું સારવાર દરમ્યાન સફદર ગંજ હોસ્પિટલ દિલ્હી મુકામે મૃત્યુ નિપજયું હતું . ત્યારબાદ આ મામલાએ સમગ્ર ભારત ભર તુલ પકડતા અને આ અંગે કરાયેલી અરજી ઓ એવી રજૂઆતો સાથે કહેવાયું કે યુપીમાં નિષ્પક્ષ સુનાવણી શક્ય નથી . કારણ કે પોલીસની કામગીરી શંકાસ્પદ છે . સુપ્રીમકોર્ટે મંગળવારે સુનાવણીમાં દરમ્યાન જણાવ્યું હતું કે હાલ ની પરિસ્થિતિ મા તપાસ નો દોર ચાલુ છે પહેલાં તપાસ પૂરી થઈ જાય પછી એ નક્કી કરાશે કે કેસ ટ્રાન્સફર અંગે નિર્ણય લેવામાં આવશે .

## સરદાર પટેલ સાચા અર્થમાં નવીન ભારતના નિર્માતા અને રાષ્ટ્રીય એકતાના શિલ્પી હતા.- ડો. ધીરજ કાકડિયા

### સરદાર વલ્લભભાઈ પટેલે ૫૬૨ રજવાડાઓનુ વિલીનીકરણ કર્યું હતું



કમલમ દૈનિક,

ઉત્તમ નિર્ણય શક્તિ અને મજબૂત મનોબળ ધરાવતા એકતા અને અખંડિતતાના શિલ્પી સરદાર પટેલ મતભેદોને વેગળા રાખીને સમાનતાની ભાવના પૂરી પાડે છે. ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના ગુજરાત એકમના વડા અને પી.આઈ.બી.ના અપર મહાનિદેશક ડૉ. ધીરજ કાકડિયા એ "રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાના શિલ્પી સરદાર પટેલ" વિષય પર યોજાયેલ વેબિનારમાં આ મુજબ જણાવ્યું હતું. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, સરદાર પટેલને તેમના સાહસિક કાર્યો અને દ્રઢ ઈરાદાઓને કારણે લોહપુરુષ તથા સરદારના ઉપનામથી ઓળખવામાં આવે છે. સરદાર પટેલ માત્ર સ્વતંત્ર ભારતના પ્રથમ ગૃહમંત્રી અને ઉપપ્રધાનમંત્રી તરીકે જ નહિ, પરંતુ તેમણે આઝાદી પહેલા દેશમાં ચાલી રહેલા અનેક સત્યાગ્રહનું સફળ નેતૃત્વ કર્યું હતું. તેમજ ૫૬૨ રજવાડાઓનું ભારત દેશમાં વિલીનીકરણ કરી નવીન અને અખંડ ભારતના નિર્માતા રહ્યા છે. સરદાર પટેલની મુખ્ય લાક્ષણિકતા એ હતી કે, તેઓ આંખોથી સામે વાળી વ્યક્તિનુ મૂલ્યાંકન કરતા હતા, તેઓને શબ્દોની જરૂર નહોતી પડતી. સરદાર પટેલના જીવન ચરિતાર્થ વિશે બોલતા ઈતિહાસકાર શ્રી રીઝવાન કાદરીએ જણાવ્યું હતું કે, સરદાર પટેલ બીજાની વાત સાંભળ્યા પછી જ પોતાની વાત રજુ કરતા હતા. તેઓ સ્વયં શિસ્તનુ પાલન કરતા પછી જ અન્યને નિયમ પાળવાનુ કહેતા હતા. તેઓએ ક્યારેય સત્તાની લાલચ રાખી નહોતી. નાના-નાના રજવાડાઓને એકીકૃત કરી અખંડ ભારતનું નિર્માણ કર્યું હતું. યુવાનોને એક મહત્વૂર્ણ શીખ આપતા તેમણે જણાવ્યું હતું કે, મન, તન અને ધનની પારદર્શકતાનું ઉત્તમ ઉદાહરણ એટલે સરદાર સાહેબ. ભારત અખંડ તો છે જ પરંતુ ભારતની અખંડતા મજબૂત બને અને દેશ શ્રેષ્ઠ બને તે માટે તેમણે યુવાનોના સહકારની આવશ્યકતા હોવાનુ પણ જણાવ્યું હતું. પ્રાદેશિક લોકસંપર્ક બ્યુરોના ઈન્ચાર્જ ડાયરેક્ટર સરિતા દલાલે જણાવ્યું હતું કે, સરદાર પટેલે સામ, દામ અને દંડથી રજવાડા એકઠા કરવાનું કામ કર્યું હતું. તેમના અખંડ ભારતના વિચારો અને તેના માટે બલિદાન આપવાનો ગુણ અદ્દભૂત હતો. સાદુ જીવન, અનેક વખત જેલવાસ તેમજ ગાંધીજીના અનુયાયી તરીકે તેમણે તેમનું જીવન વ્યતીત કર્યું હતું. તેમણે અખંડ ભારત મજબૂત કેવી રીતે બની રહે અને એક ભારત શ્રેષ્ઠ ભારત માટે યુવા પેઢીની શું ભૂમિકા હોય શકે તે વિશે વિસ્તૃત માહિતી આપી હતી. વરિષ્ઠ પત્રકાર અને જાણીતા લેખક શ્રી મણિભાઈ પટેલે કહ્યું હતું કે, સરદાર પટેલ સેવકની જેમ કામ કરતા અને સત્યાગ્રહી, સિપાહી, સેનાપતિ તરીકેની તેમની ભૂમિકા અદ્દભૂત હતી. ખેડૂતોના હિત માટે તેઓ સતત કાર્યરત રહેતા હતા. દેશના બંધારણના ઘડતરમાં તેમનો મોટો ફાળો રહ્યો છે.

અનેક આંદોલનોમાં તેમની આગેવાની અગ્રેસર રહી હતી. રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગ, ગાંધીનગરના જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રી પ્રિતેશકુમાર સોનીએ વેબિનારમાં જણાવ્યું હતું કે, સરદાર પટેલની નિર્ણય શક્તિ અને સમજણ શક્તિ એક સત્યાગ્રહી, સેવક અને મુત્સદી રાજનીતિજ્ઞ તરીકે અદ્દભૂત હતી. વિશ્વ સમક્ષ મહાન વ્યક્તિત્વ ધરાવતા એક ઉત્તમ યુગ પુરુષ તરીકે તેમની છબી આપણી સમક્ષ ઊભરી આવે છે. જીવનમાં કરેલા કાર્યો, ત્યાગ અને રાષ્ટ્ર ભાવના સરદારનાં રગે-રગમાં હતી. દરેક યુવાન સરદારના ગુણો પોતાના જીવનમાં ઉતારે અને રાષ્ટ્ર ભાવના, એકતા અને અખંડિત ભારત શ્રેષ્ઠ ભારત બનાવવા ત્યાગની ભાવના પ્રગટાવે. રાષ્ટ્રનુ નિર્માણ તો છે જ, પરંતુ શ્રેષ્ઠ કરવા માટે આજના યુવાનો સરદારના આદર્શો અને ગુણોને જીવનમાં ચરિતાર્થ કરે તો જ સાચા અર્થમાં તેમનું સ્વપ્ન સાકાર થશે.

## આવો કોઈની મદદ કરીએ (વીર પ્રતાપ ફાઉન્ડેશન) દ્વારા જન્મદિન નિમિતે અનોખી ઉજવણી,



કમલમ દૈનિક, અરવલ્લી

આવો કોઈની મદદ કરીએ ના સ્થાપક ભૃગૂવેન્દ્ર સિંહ કુંપાવત અને એમની ટીમ દ્વારા ૩ વર્ષ થી જન્મદિન નિમિતે કેક અને પાર્ટીઓ માં પૈસા ના બગાડી ગરીબ પરિવારો ને મદદ કરવા માટે નિર્ણય લેવા માં આવ્યો છે. હિન્દુ યુવા સંગઠન સાબરકાંઠા ના ઉપપ્રમુખ જસવંતસિંહ સોલંકી ના જન્મદિન નિમિતે હિંમતનગર માં રહેતા ગરીબ પરિવારો ને ફૂડ પેકેટ તથા ફ્રૂટ વિતરણ કરવામાં આવ્યું, સરવિનભાઈ પટેલ , સુનિલભાઈ શાહ હાજર રહ્યા હતા. વીર પ્રતાપ ફાઉન્ડેશન ના સ્થાપક ભૃગુવેન્દ્રસિંહ કુંપાવત દ્વારા કહેવામાં આવ્યું કે ભવિષ્ય મા કોઈ બાળક ને પરિસ્થિતિ ખરાબ હોવાને કારણે અભ્યાસ નહિ છોડવો પડે, એવા બાળકો નો તમામ ખર્ચ અમારી ટીમ ઉઠાવશે..

# અરવલ્લી જિલ્લા શિક્ષણ સમિતી પ્રેરીત અને જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ અને તાલુકા સંઘના સંયુક્ત ઉપક્રમે રક્તદાન કેમ્પનુ આયોજન



કમલમ દૈનિક, અરવલ્લી

મોડાસા ભામાશા હોલ,કૉલેજ કેમ્પસ મોડાસા અને જે.એમ હાઈસ્કૂલ ધનસુરા ખાતે આજરોજ તા-૨૭/૧૦/૨૦૨૦ ના રોજ થયુ જેમા જિલ્લા ના તમામ ૬તાલુકા ના ૪૦૦ ઉપરાંત શિક્ષકો એ ઉમળકાભેર રક્તદાન કર્યુ ,આ પ્રસંઘે શિક્ષકોનો ઉત્સાહ વધારવા માનનીય શિક્ષણ સચિવ વિનોદ રાવ સાહેબ,કલેક્ટર શ્રી ઔરંગાબાદકર સાહેબ,શિક્ષણ સમિતિના ચેરમેન અને ધારાસભ્ય જશુભાઈ પટેલ સાહેબ,ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ દિગ્વિજય સિંહ જાડેજા,મહામંત્રી સતિષભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહયા,કાર્યક્રમને સફળ બનાવવા માનનિય જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સ્મિતાબેન પટેલ અને ના.જી.પ્રા.શિ સમિરભાઈ પટેલ સાહેબ ના માર્ગદર્શન હેઠળ સંઘના પ્રમુખ હસમુખભાઈ પટેલ અને મહામંત્રી આશિષભાઈ પટેલ,જગદિશભાઈ ખરાડી,જિગ્નેશભાઈ ગોર,અનંતભાઈ પ્રજાપતી,ભાવેશભાઈ પટેલ,પ્રકાશભાઈ વણકર અને સંઘ તથા જિલ્લાના સી.આર.સી બી.આર.સી અને તમામ જૂથમંત્રી ઓ એ ભારે જહેમત ઉઠાવી,મહાદાનમાં સહકાર બદલ તમામનો જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ આભાર વ્યકત કરે છે

# પૂર્વ ધારાસભ્ય - ગુજરાતી ચલચિત્ર જગતના ખ્યાતનામ અભિનેતા સ્વ. નરેશ કનોડીયાને મુખ્યમંત્રીશ્રીની શ્રદ્ધાંજલિ



કમલમ દૈનિક,
મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પૂર્વ ધારાસભ્ય અને ગુજરાતી ફિલ્મ જગતના ખ્યાતનામ અભિનેતા નરેશ કનોડિયાના દુઃખદ અવસાન અંગે શોકની લાગણી વ્યક્ત કરી સદગતને શ્રદ્ધાંજલી પાઠવી છે. મુખ્યમંત્રીશ્રીએ સ્વ. નરેશ કનોડિયાએ ગુજરાતી ચલચિત્ર જગતમાં અભિનયના ઓજસ પાથરીને દસકાઓ સુધી લોક માનસમાં એક આગવું સ્થાન મેળવેલું તેનું સ્મરણ કરતાં કહ્યું છે કે તેમનું આ યોગદાન ગુજરાતી ચલચિત્ર જગતમાં સદાકાળ અવિસ્મરણીય બની રહેશે.
શ્રીવિજયભાઈ રૂપાણી એ દિવંગત આત્માની પરમ શાંતિની પ્રાર્થના કરીને તેમના શોકાતુર પરિવારજનોને દિલસોજી પણ પાઠવી છે

# રાષ્ટ્રપતિએ શ્રી કે. આર. નારાયણનને તેમની જન્મ જયંતિ નિમિત્તે શ્રધ્ધાંજલિ અર્પણ કરી



કમલમ દૈનિક,
રાષ્ટ્રપતિ શ્રી રામ નાથ કોવિંદે આજે (૨૭ ઓક્ટોબર, ૨૦૨૦) રાષ્ટ્રપતિ ભવન ખાતે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ શ્રી કે. આર. નારાયણનને તેમની જન્મ જયંતિ નિમિત્તે શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. રાષ્ટ્રપતિએ અને રાષ્ટ્રપતિ ભવનના અધિકારીઓએ શ્રી કે. આર. નારાયણનની છબી સમક્ષ પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

## 'કોરોના મહામારીના સમયમાં શબ્દ અને સાહિત્યના સથવારે

# દિપોત્સવીની મંગલ કામનાઓ જ્ઞાનના પ્રકાશને વધુ પ્રજ્જ્વલિત કરશે – મુખ્યમંત્રીશ્રી

### ગુજરાત દિપોત્સવી અંક ૨૦૭૬નું મુખ્યમંત્રીશ્રીએ કરેલું વિમોચન



કમલમ દૈનિક,
મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત દિપોત્સવી અંક ૨૦૭૬નું આજે વિમોચન કરતાં જણાવ્યું હતું કે, કોરોના મહામારીના સમયમાં શબ્દ અને સાહિત્યના સથવારે દિપોત્સવીની મંગલ કામનાઓ જ્ઞાનના પ્રકાશને વધુ પ્રજ્જ્વલિત કરશે. નવા વર્ષે નવા જોશ, અને હોશ સાથે કોરોનાની મહામારી સામે જીવનના ઉત્કર્ષના દ્વાર ખોલીને આપણે સૌએ આગળ વધવાનું છે. દિપાવલીનું પર્વ જ્ઞાનના પ્રકાશ અને વિકાસના સમન્વયનો અદકેરો અવસર છે. સોશિયસલ ડિસ્ટન્સીંગ, માસ્ક અને સેનિટાઈઝેશન સાથે આપણે સૌ ગુજરાતી બાંધવોએ કોરોનાને હરાવી, જ્ઞાનના પ્રકાશની જ્યોત પ્રગટાવીને દેશ, રાજ્ય અને સમાજને ઉજળા કરવાનો સાચા હૃદયથી પ્રયાસ કરીએ એમ તેમણે ઉમેર્યું હતું. ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠિત સર્જકોનું સાહિત્યસર્જન સંકલિત કરીને દિપોત્સવી અંક પ્રસ્તુત કરવા બદલ રાજ્યના માહિતી ખાતાના તમામ કર્મયોગી મિત્રોને એમણે હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યાં હતાં. ગુજરાત સહિત સમગ્ર વિશ્વ આજે કોરોના સામે મક્કમ મુકાબલો કરી રહ્યું છે ત્યારે સાહિત્યની દીપજ્યોત ગુજરાતી બાંધવોને દિપોત્સવીના પર્વમાં વધુ ઉત્સાહ અને ઉમંગ પૂરો પાડશે એવી એમણે શ્રદ્ધા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે, આ વર્ષે કોરોના મહામારીના કારણે આપણા સૌની કપરી કસોટી થઈ છે. પરંતુ રાજ્ય સરકારની પ્રબળ નિર્ણયશક્તિ, ગુજરાતી બાંધવોની કોઠાસૂઝ તેમજ કર્મયોગને વરેલા વહિવટીતંત્રના સુયોગ્ય સામંજસ્યથી આ કપરા સમયમાં પણ વિકાસના દરેક ક્ષેત્રમાં આપણું ગુજરાત આગળ ધપતું રહ્યું છે. કોરોનાનો પ્રત્યેક ગુજરાતી બાંધવોએ સરકાર સાથે ખભેખભા મીલાવીને મજબૂત મુકાબલો કર્યો છે એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી અને માહિતી પ્રસારણ વિભાગના સચિવશ્રી અશ્વિનીકુમારે દિપોત્સવી અંક વિશે જણાવ્યું હતું કે, પ્રતિવર્ષની આગવી પરંપરા મુજબ ગુજરાતના સાહિત્ય, કલા, ઈતિહાસ, સાંસ્કૃતિક વિરાસત અને સંસ્કાર વારસાને ગુજરાત દિપોત્સવી અંકના માધ્યમથી પ્રસ્તુત કરવામાં આવે છે. ગુણવંતભઈ શાહ, વિષ્ણુ પંડ્યા, જોરાવરસિંહ જાદવ, મહંમદ માંકડ, રઘુવીરભાઈ ચૌધરી, માધવ રામાનુજ, કુમારપાળ દેસાઈ, રાજેન્દ્ર શુક્લ વગેરે જેવા લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકારોની સર્જનશીલ કલમે લખાયેલી સાહિત્યકૃતિઓ દિપોત્સવી અંકમાં પ્રસ્તુત કરવામાં આવી છે. ૩૦ અભ્યાસ લેખો, ૩૫ નવલિકાઓ, ૧૯ વિનોદિકાઓ, ૮ નાટિકાઓ અને ૧૦૮ જેટલી કાવ્યરચનાઓ ગુજરાત દિપોત્સવીના દળદાર અંકમાં સમાવિષ્ટ કરવામાં આવી છે. આની સાથો સાથ ગુજરાતનું લોકજીવન, કુદરતી સૌંદર્ય, માનવ સંવેદનાઓને અભિવ્યક્ત કરતી ૬૪ જેટલી રંગીન તસવીરો ગુજરાત દિપોત્સવી અંકને વધુ આકર્ષક બનાવે છે એમ તેમણે ઉમેર્યું હતું. આ પ્રસંગે અધિક મુખ્ય સચિવશ્રી એમ. કે. દાસ, અધિક માહિતી નિયામક સર્વશ્રી અરવિંદભાઈ પટેલ, શ્રી પુલકભાઈ ત્રિવેદી, નાયબ માહિતી નિયામક શ્રી જગદીશ આચાર્ય વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

# કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખ માંડવિયાએ વી. ઓ. ચિદમ્બરનાર પોર્ટ પર 'ડાયરેક્ટ પોર્ટ એન્ટ્રી ફેસિલિટીનું ઉદ્ઘાટન કર્યું

## ડીપીઈ સુવિધા લોજિસ્ટિક ખર્ચ ઘટાડવા અને કાર્ગોની ગતિ વધારવાની દિશામાં નોંધપાત્ર પગલું છે, જે વેપારવાણિજ્યમાં સરળતા લાવશે અને આર્થિક વૃદ્ધિને વેગ આપશે: શ્રી માંડવિયા





કમલમ દૈનિક,
રાજ્ય કક્ષાના કેન્દ્રીય જહાજ મંત્રી (સ્વતંત્ર હવાલો) શ્રી મનસુખ માંડવિયાએ વી. ઓ. ચિદમ્બરનાર પોર્ટ ટ્રસ્ટ પર ઈ-તકતીનું અનાવરણ કરીને 'ડાયરેક્ટ પોર્ટ એન્ટ્રી (ડીપીઈ)નું ઉદ્ઘાટન કર્યું હતું. શ્રી મનસુખ માંડવિયાએ વીડિયો કોન્ફરન્સ દ્વારા ઉદ્ઘાટન સમારંભને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, આ લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો કરવા અને કાર્ગોની ગતિ વધારવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું છે. ડીપીઈ નિકાસકારો માટે વેપારવાણિજ્યની સરળતામાં વધારો કરશે, તેમજ આ સુવિધા આંતરરાષ્ટ્રીય વેપારમાં કાર્યદક્ષતા લાવશે અને પ્રવાસ સમયમાં ઘટાડો કરશે, ટેરિફ ખર્ચમાં ઘટાડો કરશે અને શિપરની સ્પર્ધાત્મકતા વધારશે. અત્યાધુનિક ડાયરેક્ટ પોર્ટ એન્ટ્રી (ડીપીઈ) સુવિધા કોઈ પણ સીએફએસ પર મધ્યસ્થીના હસ્તક્ષેપ વિના કારખાનાઓમાંથી કન્ટેઈનરની સીધી અવજવરની સુવિધા આપશે, જેના પરિણામે શિપર્સને તેમના કારખાનામાંથી નિકાસ માટેની ચીજવસ્તુઓને સીધી કન્ટેઈનર ટર્મિનલ સુધી ૨૪૮૭ પહોંચાડવાની સુવિધા મળશે. આ સુવિધા ટ્રક પાર્કિંગ ટર્મિનલની અંદર ૧૮,૩૫૭ ચોરસ મીટરના વિસ્તારમાં ઊભી કરવામાં આવી છે, જેને નિકાસ કાર્ગો એટલે કે કારખાનાની ચીજવસ્તુઓ/ઈ-સીલ કન્ટેઈનર્સના નિકાસને કસ્ટમ્સ ક્લીઅરન્સ ઈશ્યૂ કરવા માટે 'સાગરમાલાહ્ન અંતર્ગત વિકસાવવામાં આવી હતી. આ દર મહિને 18000 TEUsનું સંચાલન કરી શકે છે. સેન્ટ્રલ વેરહાઉસિંગ કોર્પોરેશન દ્વારા ભારતીય કસ્ટમ્સ, ડીપીઈ સુવિધા કોઈ પણ પ્રકારના અવરોધ વિના એકછત હેઠળ લેટ એક્ષ્પોર્ટ ઓર્ડર (એલઈઓ) જનરેટ કરશે. સીડબલ્યુસી અને કસ્ટમ્સ અધિકારીઓની પ્રતિબદ્ધ ટીમ વીઓસી પોર્ટ સાથે જોડાણમાં ટિઅર-II, ટિઅર-III (એઈઓ) સર્ટિફાઈડ એક્ઝિમ ક્લાયન્ટને સેવા આપશે. અગાઉ કારખાનાની ચીજવસ્તુઓ (સેલ્ફ-સીલ થયેલી)ના કન્ટેઈનર્સને તુતિકોરિનમાં કાર્યરત કન્ટેઈનર ફ્રેઈટ સ્ટેશન્સ (સીએફએસ)/ ઈનલેન્ડ કન્ટેઈનર ડેપો (આઈસીડી) પૈકીના એક સ્ટેશનમાં લઈ જવાતા હતા. સીએફએસ કામકાજના દિવસોમાં સવારે ૧૦ વાગ્યાથી રાતના ૮ વાગ્યા સુધી કાર્યરત હોય છે જેથી કન્ટેઈનર ટર્મિનલમાં સેલ્ફ-સીલ થયેલા કન્ટેઈનર્સને પ્રવેશ આપવામાં નોંધપાત્ર વિલંબ થતો હતો. પરિણામ સ્વરૂપ પોર્ટે ડીપીઈ સુવિધા વિકસાવવામાં આવી છે જેના કારણે કારખાનાની ચીજવસ્તુઓ અને ઈ-સીલ થયેલા કન્ટેઈનર્સને નિકાસની મંજૂરી ૨૪૮૭ ધોરણે મળી શકશે, જેના પરિણામે ઝડપી અને વાજબી ખર્ચે નિકાસ થઈ શકશે. પોર્ટે ૩૦ વર્ષ માટે આ સુવિધા કાર્યરત કરવા મેસર્સ સેન્ટ્રલ વેરહાઉસિંગ કોર્પોરેશન (સીડબલ્યુસી) સાથે એમઓયુ (સમજૂતીકરાર) કર્યા છે અને કસ્ટમ્સ વિભાગે પોર્ટ પર ડીપીઈ સુવિધા કાર્યરત કરવાની મંજૂરી પણ આપી છે. આ પ્રસંગે જહાજ મંત્રાલયના સચિવ ડૉ. સંજીવ રંજને એમના સંબોધનમાં જણાવ્યું હતું કે, પોર્ટ પર આઈટી સક્ષમ માળખાગત સુવિધા આપણા પોર્ટને ખરાં અર્થમાં આંતરરાષ્ટ્રીય સ્તરના પોર્ટ બનાવશે, જે જહાજ મંત્રાલયના 'મેરિટાઈમ વિઝન ૨૦૩૦હ્નને સુસંગત છે. આ વર્ચ્યુઅલ ઉદ્ઘાટન પ્રસંગે જહાજ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ, વી. ઓ. ચિદમ્બરનાર પોર્ટ ટ્રસ્ટના ચેરમેન શ્રી ટી કે રામચંદ્રન, સેન્ટ્રલ વેરહાઉસિંગ કોર્પોરેશનના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી અરુણ કુમાર શ્રીવાસ્તવ અને પોર્ટના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# પશ્ચિમ રેલ્વે મહિલા કલ્યાણ સંસ્થા દ્વારા સમુદાયની સ્વચ્છતાને પ્રોત્સાહન આપવા માટે ગાંધીજીના માર્ગને અનુસરે છે

કમલમ દૈનિક,
પશ્ચિમ રેલ્વેની મહિલા કલ્યાણ સંસ્થા સમુદાયની સ્વચ્છતાની સામાજિક વિભાવનાને પ્રોત્સાહન આપવા અને આ સંદર્ભમાં જાગૃતિ લાવવા માટે ગાંધીવાદના દર્શન અને વિચારધારાને અનુસરી રહી છે. મહાત્મા ગાંધીજી ની ૧૫૧ મી જન્મજયંતિ નિમિત્તે પશ્ચિમ રેલ્વે દ્વારા સ્વછતા ના પખવાડિયું આયોજન કરવામાં આવ્યું હતું, જે દરમિયાન પશ્ચિમ રેલ્વે મહિલા કલ્યાણ સંસ્થાના અધ્યક્ષા શ્રીમતી તનુજા કંસલ અને તેમની આખી ટીમે શ્રમદાન પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. આ ઉપરાંત સ્વચ્છતાના મહત્વ અંગે જાગૃતિ લાવવાના હેતુથી સંસ્થા દ્વારા વિવિધ કાર્યક્રમો પણ યોજવામાં આવ્યા હતા. શ્રી તનુજા કન્સલે, અમદાવાદ મંડળના ગાંધીધામ અને ભુજમાં તાજેતરના પ્રવાસ કાર્યક્રમ દરમિયાન વિવિધ શ્રમદાન પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. અને આ સ્ટેશનો ઉપર સ્વચ્છતાના ધોરણો જાળવવા બદલ સંબંધિત સફાઈ કામદારોની પ્રશંસા કરી હતી. તેમણે ગાંધીધામ સ્ટેશન પર રિસાયકલ પ્લાસ્ટિકના બનેલા બેંચો બનાવવાની ઈકો ફ્રેન્ડલી પહેલની પ્રશંસા કરી. આ પ્રસંગે શ્રીમતી તનુજા કંસલે સ્વચ્છતા પખવાડિયા દરમિયાન રેલ્વે કર્મચારીઓના બાળકો માટે આયોજીત ઓનલાઈન પેઈન્ટિંગ સ્પર્ધામાં વિજેતા જાહેર કરાયેલા બાળકોને ઈનામ આપ્યા હતા. અન્ય સહભાગીઓને પણ પ્રોત્સાહિત કર્યા.

શ્રીમતી કંસલ એ અભિયાનના વિજેતાઓને સંબોધતા જણાવ્યું હતું કે મહાત્મા ગાંધીનું નિવેદન "સ્વચ્છતા સ્વતંત્રતા થી વધુ મહત્ત્વપૂર્ણ છે" ટાંકવામાં આવ્યું છે.તેમણે કહ્યું હતું કે, ગાંધીજી પર્યાવરણને સ્વચ્છ અને તંદુરસ્ત રાખવા માટે સૌથી મોટા અને પ્રમુખ સમર્થક હતા.તેમણે કહ્યું કે, સ્વચ્છ માનસિકતા અને વાતવરણ જીવન માટે સારો, સાચો અને પ્રામાણિક અભિગમ પ્રદાન કરે છે.હકીકતમાં આ બધાની જવાદારી છે કે આપણે માત્ર આપણા માટે જ નહીં પરંતુ અન્ય લોકો માટે પણ સ્વચ્છ અને તંદુરસ્ત વાતાવરણ ઊભું કરવામાં સક્રિય ભૂમિકા નિભાવીએ છે.સરકાર અને મ્યુનિસિપલ કોર્પોરેશન માત્ર અમુક સ્તરે જ મદદ કરી શકે છે, પરંતુ આપણી ફરજ છે કે આપણે આપણી આસપાસના વાતાવરણને સ્વચ્છ રાખવામાં મદદ કરીએ.

ગાંધીજીના શબ્દોનો પુનરોચ્ચાર કરતાં શ્રીમતી કંસલે કહ્યું હતું કે, આપણે આપણા રોજિંદા જીવનમાં ગાંધીજીના પગલાંને અનુસરવાની જરૂર છે. તેથી, આપણે સ્વચ્છતા ને ભાર નહિ પરંતુ, પરંતુ એક જવાબદારી તરીકે લેવી જોઈએ જેથી આપણે આપણા જીવનમાં એક ઉદાહરણ પૂરું પાડી શકીયે.'સ્વચ્છ કોલોની - મેરા હોટિનેસ' નામની આ અનોખી સ્પર્ધામાં પ્રથમ સ્થાન અંધેરી (પૂર્વ)ની રેલવે કોલોનીએ ૧૫,૦૦૦ રૂપિયાના રોકડ પુરસ્કાર સાથે જીત્યું હતું. બોરીવલી અને વડાલાની રેલવે કોલોનીએ અનુક્રમે ૧૨,૦૦૦ અને ૧૦,૦૦૦ રૂપિયાના રોકડ પુરસ્કાર સાથે દ્વિત્ય અને તૃતીયા સ્થાન જીતા. પ્રથમ અને દ્વિતીય પ્રોત્સાહન પુરસ્કાર માટુંગા રોડ અને બાન્દ્રા (પશ્ચિમ)ની વસાહતો ને ૫૦૦૦ રૂપિયા પ્રત્યેકે રોકડ પુરસ્કાર સાથે જીત્યા.શ્રીમતી કંડેલે તમામ નિવાસીઓને તેમની આસપાસ સ્વચ્છતા જાળવવાનું સારું કામ ચાલુ રાખવા વિનંતી કરી હતી.

# ગૃહ મંત્રાલયે પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવા અંગેની માર્ગદર્શિકા લંબાવી

## રાજ્ય સરકારો/કેન્દ્રશાસિત પ્રદેશોને કોવિડને અનુરૂપ અભિગમ લાગુ કરવાની સલાહ

કમલમ દૈનિક,

- ગૃહ મંત્રાલય (એમએચએ)એ ૩૦.૦૯.૨૦૨૦ના રોજ જાહેર કરેલી રિ-ઓપનિંગ (વિવિધ પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવા) માટેની માર્ગદર્શિકાને આજે ૩૦.૧૧.૨૦૨૦ સુધી જાળવી રાખવાનો ઓર્ડર જાહેર કર્યો હતો.
- કન્ટેઈન્મેન્ટ ઝોનની બહાર વિવિધ પ્રવૃત્તિઓને ફરી શરૂ કરવી
- ગૃહ મંત્રાલયે ૨૪ માર્ચ, ૨૦૨૦ના રોજ લોકડાઉનનું પગલું લેવા પહેલો આદેશ બહાર પાડ્યા પછી અત્યાર સુધી કન્ટેઈન્મેન્ટ ઝોનની બહારના વિસ્તારોમાં લગભગ તમામ પ્રકારની પ્રવૃત્તિઓ તબક્કાવાર રીતે ફરી શરૂ થઈ ગઈ છે. જ્યારે મોટા ભાગની પ્રવૃત્તિઓની મંજૂરી આપવામાં આવી છે, ત્યારે લોકો મોટી સંખ્યામાં સંકળાયેલા હોય એવી કેટલીક પ્રવૃત્તિઓને કેટલાંક નિયંત્રણો સાથે છૂટ આપવામાં આવી છે અને SOPsને આધિન છે, જેનું સ્વાસ્થ્ય અને સલામતીના તકેદારીના પગલાંના સંબંધમાં પાલન કરવામાં આવે છે. આ પ્રવૃત્તિઓમાં સામેલ છે – મેટ્રો રેલ; શોપિંગ મોલ; હોટેલ, રેસ્ટોરન્ટ અને હોસ્પિટાલિટી સેવાઓ; ધાર્મિક સ્થળો; યોગા અને તાલીમ સંસ્થાઓ; જિમ્નાસિયમ; સિનેમા; મનોરંજન પાર્ક વગેરે
- ચોક્કસ પ્રકારની પ્રવૃત્તિઓના સંબંધમાં, જે કોવિડનાં ઈન્ફેક્શનનું પ્રમાણમાં ઊંચું જોખમ ધરાવે છે, એના માટે રાજ્ય સરકારો/ કેન્દ્રશાસિત પ્રદેશોની સરકારોને ફરી શરૂ કરવા માટે નિર્ણયો લેવાની છૂટ આપવામાં આવી છે, જેઓ સ્થિતિસંજોગોની સમીક્ષા કરીને અને SOPsના પાલનને ધ્યાનમાં લઈને નિર્ણય લેશે. આ પ્રકારની પ્રવૃત્તિઓમાં સામેલ છે – શાળાઓ અને કોચિંગ સંસ્થાઓ; સંશોધક સ્કોલર્સ માટે સરકારી અને ખાનગી યુનિવર્સિટીઓ; ૧૦૦થી વધારે લોકોને એકત્ર થવાની મંજૂરી આપવી વગેરે
- ગૃહ મંત્રાલયે ૩૦.૦૯.૨૦૨૦ના રોજ અગાઉ જાહેર કરેલી માર્ગદર્શિકા પછી નીચેની પ્રવૃત્તિઓને પણ કેટલાંક નિયંત્રણો સાથે મંજૂરી આપવામાં આવી છે:
- ગૃહ મંત્રાલયની મંજૂરી સાથે પેસેન્જરોને આંતરરાષ્ટ્રીય હવાઈ પ્રવાસની મંજૂરી
- રમતવીરોની તાલીમ માટે સ્વિમિંગ પૂલોનો ઉપયોગ કરવાની છૂટ
- iii. બિઝનેસ ટૂ બિઝનેસ (બી૨બી) ઉદ્દેશો માટે પ્રદર્શન હોલનો ઉપયોગ કરવાની છૂટ
- iv. સિનેમા/થિયેટર/મલ્ટિપ્લેક્સને તેમની બેઠક ક્ષમતાના ૫૦ ટકા સાથે છૂટ
- સામાજિક/શૈક્ષણિક/સ્પોર્ટ્સ/મનોરંજન/સાંસ્કૃતિક/ધાર્મિક/રાજકીય સમારંભો તથા અન્ય મેળાવડાઓ; બંધ જગ્યાઓમાં હોલની ક્ષમતાના મહત્તમ ૫૦ ટકા સાથે અને ૨૦૦ વ્યક્તિની ટોચમર્યાદાને આધિન.
- ઉપરોક્ત પ્રવૃત્તિઓ સાથેના સંબંધમાં વધુ નિર્ણય સ્થિતિસંજોગોની સમીક્ષાને આધારે લેવામાં આવશે.
- કોવિડનો સામનો કરવા માટે ઉચિત અભિગમ
- તબક્કાવાર રીતે આર્થિક સહિત વિવિધ પ્રવૃત્તિઓને ફરી હાથ ધરવા પાછળનો વિચાર અગ્રેસર થવાનો છે. જોકે એનો અર્થ એ નથી કે રોગચાળાનો અંત આવી ગયો છે. એટલે દરેક નાગરિકે તેમના રોજિંદા ક્રમમાં કોવિડ-૧૯નો સામનો કરવા ઉચિત અભિગમ અપનાવીને પર્યાપ્ત સાવચેતી રાખવાની જરૂર છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ૮ ઓક્ટોબર, ૨૦૨૦ના રોજ કોવિડ-૧૯નો સામનો કરવા ઉચિત અભિગમ અપનાવવા એક 'જન આંદોલનહ્ન શરૂ કરવામાં આવ્યું છે, જેમાં નીચેના ત્રણ મંત્રો અનુસરવામાં આવશે, જે નીચે મુજબ છે:
- તમારો માસ્ક ઉચિત રીતે ધારણ કરો;
- અવારનવાર તમારા હાથ ધુઓ; અને
- iii. 6 ફીટનું સલામત અંતર જાળવો.
- વિવિધ પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવામાં આવી છે, જેને સફળતા મળે અને રોગચાળાને ઘટાડવા અત્યાર સુધી હાથ ધરવામાં આવેલા પગલાનો લાભ ગુમાવવો ન પડે એ માટે નાગરિકો વચ્ચે શિસ્ત અને પોતીકાપણાની ભાવના સ્થાપિત થાય એની તાતી જરૂર છે.
- ગૃહ મંત્રાલયે તમામ રાજ્ય સરકારો/કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો/વહીવટદારોને સલાહ આપી છે કે, તેમણે પાયાના સ્તરે વિસ્તૃતપણે કોવિડ-૧૯નો સામનો કરવા ઉચિત અભિગમને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરવો પડશે તથા નાગરિકો માસ્ક પહેરે, સ્વચ્છ હાથ જાળવે અને સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરે એ માટે વિવિધ પગલાં લેવા પડશે.
- કોવિડ-૧૯ના વ્યવસ્થાપન માટે રાષ્ટ્રીય સૂચનાઓ
- કોવિડ-૧૯ મેનેજમેન્ટ માટે રાષ્ટ્રીય સૂચનાઓનું પાલન આખા દેશમાં ચાલુ રહેશે, જેથી કોવિડ-૧૯નો સામનો કરવા માટે ઉચિત અભિગમ લાગુ થાય.
- કન્ટેઈન્મેન્ટ ઝોનમાં ૩૦ નવેમ્બર, ૨૦૨૦ સુધી લોકડાઉનનો કડક અમલ
- કન્ટેઈન્મેન્ટ ઝોનની અંદર ૩૦ નવેમ્બર, ૨૦૨૦ સુધી લોકડાઉનનો કડકપણે અમલ જળવાઈ રહેશે.
- સંક્રમણની સાંકળ અસરકારક રીતે તોડવાના ઉદ્દેશ સાથે MoHFWની માર્ગદર્શિકાનો વિચાર કર્યા પછી જિલ્લા સત્તામંડળો દ્વારા કન્ટેઈન્મેન્ટ ઝોનને અંકિત કરવામાં આવશે. આ કન્ટેઈન્મેન્ટ ઝોનમાં નિયંત્રણ માટેના કડક પગલાંનો અમલ લાગુ થશે અને ફક્ત આવશ્યક પ્રવૃત્તિઓને મંજૂરી આપવામાં આવશે.
- કન્ટેઈમેન્ટ ઝોનની અંદર નિયત હદવિસ્તારમાં કડક નિયંત્રણ જાળવવામાં આવશે અને ફક્ત આવશ્યક પ્રવૃત્તિઓને મંજૂરી આપવામાં આવશે.
- આ કન્ટેઈન્મેન્ટ ઝોનને સંબંધિત જિલ્લા કલેક્ટરો અને રાજ્ય સરકારો/કેન્દ્રશાસિત પ્રદેશોની સરકારની વેબસાઈટ પર અધિસૂચિત કરવામાં આવશે તથા ર્સ્ઉૐહ્વઉને માહિતી આપવામાં આવશે.
- કન્ટેઈન્મેન્ટ ઝોનની બહાર રાજ્ય સરકારો કોઈ પણ સ્થાનિક લોકડાઉન લાગુ નહીં કરે
- રાજ્ય સરકારો/કેન્દ્રશાસિત પ્રદેશોની સરકારો કેન્દ્ર સરકારની પૂર્વમંજૂરી વિના કન્ટેઈન્મેન્ટ ઝોનની બહાર કોઈ પણ સ્થાનિક લોકડાઉન (રાજ્ય/જિલ્લા/પેટાડિવિઝન/શહેર/ગ્રામીણ સ્તરે) લાગુ નહીં કરી શકે.
- આંતર-રાજ્ય અને રાજ્યની અંદર આવનજાવન પર કોઈ નિયંત્રણ નહીં
- વ્યક્તિઓ અને ચીજવસ્તુઓની આંતર-રાજ્ય અને રાજ્યની અંદર અવરજવર પર કોઈ નિયંત્રણ લાગુ નહીં થાય. આ પ્રકારની અવરજવર માટે અલગથી મંજૂરી/સંમતિ/ઈ-પરમિટ લેવાની જરૂર નહીં પડે.
- જોખમકારક સ્થિતિ ધરાવતી વ્યક્તિઓ માટે રક્ષણ
- જોખમકારક સ્થિતિ ધરાવતી વ્યક્તિઓ એટલે કે ૬૫ વર્ષથી વધારે વ્યક્તિઓ, કોઈ પણ બીમારી ધરાવતી વ્યક્તિઓ, ગર્ભવતી મહિલાઓ અને ૧૦ વર્ષથી ઓછી વય ધરાવતા બાળકોને ઘરે રહેવાની સલાહ આપવામાં આવી છે, સિવાય કે આવશ્યક જરૂરિયાતો હોય અને સ્વાસ્થ્ય સંબંધિત ઉદ્દેશો માટે મળવાનું જરૂરી હોય.
- આરોગ્યસેતુનો ઉપયોગ: આરોગ્ય સેતુ મોબાઈલ એપ્લિકેશનના ઉપયોગને પ્રોત્સાહન આપવાનું જાળવી રાખવામાં આવશે.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28GANDHINAGAR, GUJARAT- 382028 •Published at A-3, Plot no R-13, Tanishq complex, New greencity, Sector -26, Gandhinagar (gujarat) 382028